ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરને પુન:વિનિયોગ દ્વારા વહીવટી ગ્રાન્ટ પેટે ફાળવેલ રૂ.૧૬.૪૧ લાખની વહીવટી મંજૂરી આપવા બાબત વર્ષ ૨૦૧૮-૧૯

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:વવજ/૧૦૨૦૧૭/૮૪૫/અ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૨૦/૦૩/૨૦૧૯

વંચાણમાં લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૧/૦૪/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: બજટ/૧૦૨૦૧૭/૧૦૧૧૧૭/બ.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૧/૦૫/૨૦૧૮નો ઠરાવ

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૦/૦૭/૨૦૧૮નો ઠરાવ

(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૩૦/૧૦/૨૦૧૮નો ઠરાવ

(૫) નિયામકશ્રી(વિ.જા.ક.)નો તા.૧૮/૦૩/૨૦૧૯નો પત્ર ક્ર:વિજાક/બો.નિ./૨૦૧૮-૧૯ /૫૫૪

ઠરાવ:-

વંચાણ હેઠળના ક્રમાંક (૧) પરના આ વિભાગના તા.૧૧/૦૪/૨૦૧૮ના ઠરાવથી ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર માટે વહીવટી ગ્રાન્ટ પેટે સને ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં રૂ.૫૦.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ હતી. વંચાણ હેઠળના ક્રમાંક (૨) પરના આ વિભાગના સરખા ક્રમાંકના તા.૧૧/૦૫/૨૦૧૮ના ઠરાવથી ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને પ્રથમ હપ્તા પેટે રૂ.૧૬.૬૬ લાખ વહીવટી ગ્રાન્ટ રીલીઝ કરવામાં આવેલ હતી. વંચાણ હેઠળના ક્રમાંક (૩) પરના આ વિભાગના સરખા ક્રમાંકના તા.૨૦/૦૭/૨૦૧૮ના ઠરાવથી ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને બીજા હપ્તા પેટે રૂ.૧૬.૬૬ લાખ વહીવટી ગ્રાન્ટ રીલીઝ કરવામાં આવેલ હતી. વંચાણ હેઠળના ક્રમાંક (૪) પરના આ વિભાગના સરખા ક્રમાંકના તા.૩૦/૧૦/૨૦૧૮ના ઠરાવથી ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને ત્રીજા હપ્તા પેટે રૂ.૧૬.૬૮ લાખ વહીવટી ગ્રાન્ટ રીલીઝ કરવામાં આવેલ હતી. વંચાણ હેઠળના ક્રમાંક (૫) પરના તા.૧૮/૦૩/૨૦૧૯ના પત્રથી નિયામકશ્રી(વિ.જા.ક.)એ પુન:વિનિયોગ મારફત ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને ફાળે આવતી રૂ.૧૬.૪૧ લાખની વહીવટી ગ્રાન્ટ નિગમના હવાલે મૂકવાની મંજૂરી આપવા કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે એ.જી.કચેરી અને જાહેર હિસાબ સમિતિ સમક્ષ ઉદભવનાર ઓડિટ પારાના ખુલાસા નિયામકશ્રી(વિ.જા.ક.) અને ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમે કરવાના રહેશે તે શરતે વર્ષ ૨૦૧૮-૧૯માં પુન:વિનિયોગ મારફત ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને ફાળે આવતી **રૂ.૧૬.૪૧ લાખ (અંકે રૂપિયા સોળ લાખ એકતાળીસ હજાર)**ની વહીવટી ગ્રાન્ટ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરને આથી મંજૂરી આપવામાં આવે છે.

૩. આ વિભાગના તા.૧૧/૦૫/૨૦૧૮, તા.૨૦/૦૭/૨૦૧૮ અને તા.૩૦/૧૦/૨૦૧૮ના ઠરાવોની અન્ય શરતો/બોલીઓ યથાવત રહેશે.

૪. આ હુકમો આ વિભાગની બજેટ શાખાની ફાઇલ ક્રમાંકઃ બજટ/૧૦૨૦૧૯ /૧૪૮૨૩૯/બ પર નાણાં વિભાગની તા.૧૫/૦૩/૨૦૧૯ની નોંધથી મળેલ પુન:વિનિયોગની મંજૂરી અને સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ની તા.૨૦/૦૩/૨૦૧૯ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.એમ.ચૌધરી)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, બ્લોક નં.૪/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાનાઃ-

૧. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૨. એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
૩. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
૪. નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
૫. જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
૬. સેકશન અધિકારીશ્રી(બજેટ અને કોમ્પ્યુટર સેલ શાખા), સામાજિક ન્યાય અને અધિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૭. સિલેકટ ફાઇલ-૨૦૧૯